Research Guru
Online Journal of Multidisciplinary Subjects (ISSN : 2349-266X)
Volume-17, Issue-1, June-2023
www.researchguru.net

# મધ્ય ગુજરાતનાં દેશી રાજ્યોનો ઈતિહાસ

**ડૉ. મહેશકુમાર વી. ચૌધરી**
મદદનીશ પ્રાધ્યાપક, ઈતિહાસ વિભાગ, ગુજરાત આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, અમદાવાદ

***સારાંશ (Abstract) :***

*૧ લી મે, ૧૯૬૦ના રોજ ભારતનાં ૧૭ રાજ્યોમાંના એક એવા અલગ ગુજરાત રાજ્યની સ્થાપના થઈ. આ નવા રચાયેલા રાજ્યનો કુલ વિસ્તાર ૧,૯૬,૦૨૪ ચોરસ કિમી છે, જે ભારતના કુલ વિસ્તારના આશરે છ ટકા જેટલો થાય છે. ઈ.સ. ૧૯૯૧ ની વસતિ ગણતરી અનુસાર ગુજરાતની કુલ વસતિ ૪,૧૩,૦૯,૫૮૨ જેટલી હતી જેમાં વધારો થઈને ઈ.સ.૨૦૦૧ અને ૨૦૧૧માં ક્રમશઃ ૫,૦૫,૯૬,૯૯૨ અને ૬,૦૪,૩૯,૬૯૨ થઈ. ગુજરાતની વર્ષ ૨૦૧૧ની વસતિ દેશની કુલ વસતિના આશરે ૪.૯૯ ટકા જેટલી થાય છે.[૧] ગુજરાત એ પશ્ચિમ ભારતમાં આવેલા રાજ્યોમાંનું એક છે. કોઈપણ પ્રદેશના માનવજીવન પર જે તે પ્રદેશના ભૌગોલિક પર્યાવરણની સ્પષ્ટ છાપ જોઈ શકાય છે. સામાન્યતઃ ગુજરાતની ભૂગોળ નીચે મુજબ પાંચ વિસ્તારોમાં જોઈ શકાય છે. (૧). સૌરાષ્ટ્ર, (૨). કચ્છ, (3). ઉત્તર ગુજરાત, (૪). મધ્ય ગુજરાત અને (૫). દક્ષિણ ગુજરાત. પ્રસ્તુત શોધપત્રમાં ગુજરાતના એક મહત્વના ભૌગોલિક વિસ્તાર એવા મધ્ય ગુજરાતમાં થયેલા વિવિધ દેશી રાજ્યોનો ઈતિહાસ તપાસવામાં આવ્યો છે.*

***ચાવીરૂપ શબ્દો (Key Words) :*** *દેશી રાજ્યો, મધ્ય ગુજરાત, ગેઝેટિયર, ગ્રંથ*

**પ્રસ્તાવના :**

ભારતમાં સૌથી વધુ દેશી રાજ્યો ગુજરાતમાં અને ગુજરાતમાં પણ સૌથી વધુ દેશી રાજ્યો સૌરાષ્ટ્રમાં હતાં, તો પણ મધ્ય ગુજરાતમાં પણ આવા અનેક નાનાં-મોટાં દેશી રજવાડાં હતાં. અત્રે અભ્યાસની સરળતા ખાતર કેટલાંક પ્રમુખ દેશી રાજ્યોનો અભ્યાસ કર્યો છે. સૌપ્રથમ તો તેની સ્થાપનાનો ઈતિહાસ તપાસીએ.

દેશી રજવાડાંઓનો ઉદય કાળ ઈ.સ. ૧૭૦૭ પછીનો ગણાવી શકાય. આ સમયે ઔરંગઝેબનું મૃત્યુ થતાં તેની હિંદુ વિરોધી નીતિથી ત્રાસેલી પ્રજામાં બળ આવ્યું. મુઘલ સામ્રાજ્ય ભાંગી પડવાથી વારસદારો અંદરોઅંદર ઝઘડવા લાગ્યા. મરાઠાઓ, શીખો સામ્રાજ્ય ઊભું કરવા લાગ્યા. ઈસ્ટઈન્ડિયા કંપની રાજકારણમાં રસ લેવા લાગી. ફ્રેન્ચો, પોર્ટુગીઝો, અફઘાનો, તુર્કો વગેરે સત્તા મેળવવા પ્રયત્નો કરવા લાગ્યા. ઔરંગઝેબના મૃત્યુ પછી સ્વતંત્ર સૂબાઓ, નાના-મોટા ખંડિયા રાજાઓ પોતાની સગવડ અને શક્તિ વધારવા લડાઈ કરી. શક્તિશાળી મરાઠાઓને અંગ્રેજો અંદરો અંદર લડાવી મારી મલકાતા. આમ, ઈ.સ. ૧૮૧૮ સુધીમાં અંગ્રેજોએ ગુજરાત પર કબજો જમાવ્યો.

આ સમય દરમિયાન અનેક દેશી રજવાડાંઓ અસ્તિત્વમાં આવ્યા, પણ તેમનું શાસન અંગ્રેજોની હકુમત હેઠળ રહ્યું. વિસ્તાર પ્રમાણે અંગ્રેજોએ રજવાડાંઓને એજન્સીમાં વહેંચી નાખી. જેમ કે સૌરાષ્ટ્ર એજન્સી, રેવાકાંઠા એજન્સી અને મહીકાંઠા એજન્સી વગેરે. મધ્ય ગુજરાતમાં રેવાકાંઠા એજન્સી અને મહીકાંઠા એજન્સીમાં આવતાં કેટલાંક રજવાડાંનો સમાવેશ થાય છે. તેમાં મુખ્ય રજવાડાઓમાં ખંભાત, છોટાઉદેપુર, સંતરામપુર, લુણાવાડા, બારિયા, વડોદરા વગેરેનો સમાવેશ થાય છે. નાનાં-નાનાં રજવાડાંઓ તો સંખ્યાબંધ હતાં. મુખ્ય રાજ્યોની ચર્ચા નીચે મુજબ છે.

**મધ્ય ગુજરાતનાં દેશી રાજ્યો :**

**૧. વડોદરા રાજ્ય :**

આજનું વડોદરા મધ્ય ગુજરાતમાં આવેલું શહેર અને મહત્વનો જિલ્લો છે. આ સ્થળ સંસ્કારી નગરી તરીકે ખ્યાતિ ધરાવે છે. વડોદરાથી અમદાવાદ વચ્ચે દેશનો પ્રથમ એક્સપ્રેસ નેશનલ હાઈવે બનાવવામાં આવ્યો છે. વડોદરાના પ્રાચીન નામો સંકોટકા, વટપદક, વટપુર, બડોદા, બદોડે, બરોડા, વડોદરા. તેનો દેશી રાજ્યનો વિસ્તાર ૧૩,૮૨૪ ચો.કિમી. હતો. વડોદરા રાજ્યના શાસન હેઠળ

આવતા મુખ્ય પ્રદેશોને ચાર પ્રાંતમાં વહેંચવામાં આવેલા હતા. ૧. વડોદરા પ્રાંત : ખેડા, ભરૂચ, પંચમહાલ તથા રેવાકાંઠા એજન્સીનો કેટલાંક પ્રદેશ. ૨. નવસારી પ્રાંત : જે બ્રિટિશરોના સુરત સાથે ભેગો હતો. 3. કડી પ્રાંત : જેમાં પાલનપુર, સિદ્ધપુર, પાટણ, મહીકાંઠા એજન્સીનો કેટલોક ભાગ, અમદાવાદ તથા ખેડા-પેટલાદ વચ્ચેનો ભાગ. ૪. અમરેલી, ઓખામંડળ અને દ્વારકા.

વડોદરા દેશી રાજ્યના સ્થાપક પિલાજીરાવ ગાયકવાડ હતા. તેના રાજવંશીઓ ગાયકવાડ તરીકે ઓળખાય છે. આ રાજ્યના શાસકને મહારાજા કહેવાતું, વાર્ષિક આવક બે કરોડ રૂપિયા હતી. કોઈને ખંડણી ભરતું નહોતું, પણ અંગ્રેજો, મરાઠાઓ, ગાયકવાડો, પેશ્વાઓ ભેગા મળી સૌરાષ્ટ્રના પ્રદેશો પાસેથી ખંડણી ઉઘરાવતા હતા. બ્રિટીશ સરકાર તરફથી મળતી તોપની સલામતીની સંખ્યા ૨૧ હતી. આ રાજ્યને બ્રિટીશ શાસન વખતે પ્રથમ વર્ગનો દરજ્જો મળ્યો હતો. આ રાજ્યના શાસનકાળ દરમિયાન પ્રથમ સ્થાપક પિલાજીરાવ ગાયકવાડે ઈ.સ. ૧૭૨૦માં આ રાજ્યની સ્થાપના કરી હતી. ત્યાર પછી દામાજીરાવ બીજો, ગણપતરાવ, ખંડેરાવ, મલ્હારરાવ, સયાજીરાવ ત્રીજો અને અંતિમ પ્રતાપસિંહરાવ દેશની આઝાદી સુધી રાજ્યાશન સંભાળ્યું હતું.[૨] કોઈ પણ રાજ્યમાં વંશપરંપરા એ રાજાશાહીનો મહત્વનો પડાવ હોય છે. જેમાં ઈતિહાસ શાસકોની એકબીજાની તુલના સહજ કરીને તેમના કાર્યકાળની સમીક્ષા કરવામાં મહત્વની મદદ મળી રહે છે.

ગણપતરાવે (ઈ.સ.૧૮૪૭-૧૮૫૬) પોતાના શાસનકાળમાં લેઉઆ પાટીદારોમાં બાળકીઓને દૂધ પીતી કરવાનો રિવાજ બંધ કરાવ્યો હતો. તે પહેલાં સયાજીરાવે સતીપ્રથા બંધ કરાવેલી. ગણપતરાવ અભણ હતો. તેણે વડોદરાના રેસીડેન્ટ કેપ્ટન ફ્રેન્ચે દુનિયાની નવી શોધોની જાણ કરવા માટે સ્ટીમ એન્જિન તથા ટેલિગ્રાફનાં સાધનોના નમૂનાઓ ભેટ આપેલા. આ મહારાજાએ પોતાના પ્રદેશમાં રેલવે માટે મંજૂરી આપી હતી. તેમના મૃત્યુ પછી ખંડેરાવ ગાયકવાડ ગાદીએ બેઠો. તેણે ૧૮૫૭ના વિપ્લવમાં અંગ્રેજોને મદદ કરી હતી. આજે ખંડેરાવ માર્કેટ વડોદરામાં જાણીતું છે. મકરપુરાનો મહેલ અને ઘણી ઈમારતો તત્કાલીન જમાનાની હતી તે આજે મોજૂદ છે. મહારાજા સયાજીરાવ વિશ્વવિદ્યાલય પણ સયાજીરાવના નામ પરથી બની છે. પ્રખ્યાત ગુજરાતી કવિ દલપતરામે ખંડેરાવને મળી પુસ્તકાલયો અને શાળાઓ ખોલવા વિનંતી કરી હતી. પણ સયાજીરાવ ત્રીજાના હાથમાં શાસન આવતાં શાંતિ સ્થપાઈ, વિકાસ વધ્યો, વેપાર ધંધા વિકસ્યા, પુસ્તકાલયો અને શાળાઓ ખોલવામાં આવી. વડોદરા રાજ્ય અન્ય રજવાડાં કરતાં આગળ પડતું રાજ્ય બન્યું. તેઓએ પ્રથમ વિશ્વયુદ્ધમાં બ્રિટીશરોને ઘણી મદદ કરેલી. તેઓ સાહિત્ય અને સાંસ્કૃતિક પ્રવૃતિઓને ખૂબ મદદ કરેલી. ઈ.સ. ૧૯૧૬માં વડોદરામાં 'પ્રેમાનંદ સાહિત્ય સભા' તથા ડભોઈમાં 'દયારામ સાહિત્ય સભા' સ્થાપી. મોતીભાઈ અમીન દ્વારા 'પુસ્તકાલય સહાયક સહકારી મંડળ' સ્થપાયું. 'પુસ્તકાલય' માસિક શરૂ કરવામાં આવ્યું. પુસ્તકાલયમાં ગુજરાતી, હિન્દી, મરાઠી તેમજ અંગ્રેજી ભાષાનાં જુદા જુદા વિષયોને લગતા ૧૦ લાખથી વધુ પુસ્તકો હતાં.[૩] પછીના રજાઓ ખાસ લોકપ્રિય બન્યા નહિ. ભારત દેશને આઝાદી મળતાં તેમની સત્તા ગઈ. ૧લી મે, ૧૯૪૯ના રોજ એક જાહેર સભામાં વડોદરા રાજ્યનો વહીવટ મુંબઈ સરકારે સંભાળી લીધો હતો.

**૨. બારિયા અને છોટાઉદેપુર દેશી રાજ્યો :**

રેવાકાંઠામાં આવેલાં બારિયા અને છોટાઉદેપુર રાજ્યો વચ્ચે ઘણું સામ્ય છે. તેમના એકસમાન પૂર્વજ જયસિંહ ઉર્ફે પતાઈ રાવળ હતા અને તેઓ શૂરવીર હતા. આમ છતાં ગુજરાતના સ્વતંત્ર સુલતાન મહંમદ બેગડાએ પતાઈ રાવળનો ઈ.સ.૧૪૫૮માં પરાભવ કરીને તેમની પાસેથી ચાંપાનેર અને પાવાગઢ જીતી લીધા. યુદ્ધમાં હણાયા, ત્યારબાદ પતાઈ રાવળના પૃથ્વીરાજ અને ડુંગરસિંહ નામના બે પૌત્રોએ રાજપીપળા અને ગોધરામાં રાજ્યસત્તા હાંસલ કરી. તે મુજબ ડુંગરસિંહ દેવગઢબારિયાના અને પૃથ્વીરાજ છોટાઉદેપુરના શાસક થયા.

બારિયા નાનું પણ પ્રગતિશીલ રાજ્ય હતું. તે દેવગઢબારિયા તરીકે પણ ઓળખાતું. તેની સ્થાપના ઈ.સ.૧૭૮૨માં થઈ હતી. ઈ.સ.૧૯૧૧માં રાજ્યની વસતિ ૧.૧૫ લાખ હતી અને વિસ્તાર ૮૧૩ ચો.મી. હતો. તે ૯ તોપોની સલામીને પાત્ર હતું.

બારિયા અને છોટાઉદેપુરના રાજાઓ રાજપૂત ચૌહાણો હતા. બારિયાના શાસક માનસિંહ (ઈ.સ. ૧૮૭૪-૧૯૦૮) સુધારક હોવાથી તેમણે રાજ્યમાં છોકરાઓ તેમજ છોકરીઓ માટે શાળાઓ સ્થાપી હતી. છાત્રાલયો તેમજ રેવન્યુ, ન્યાય તથા શિક્ષણનાં ખાતાંઓ તેમના સમયમાં સ્થપાયાં હતાં. માનસિંહજી પ્રજામાં ઘણા પ્રિય હતા. તેથી ઈ.સ.૧૯૦૮માં તેમના અવસાન બાદ પ્રજાએ તેમની સ્મૃતિમાં બારિયા સર્કલ બજારમાં તેમનું આરસનું બાવલું સ્થાપ્યું હતું. વળી પ્રજાએ તેમની સ્મૃતિમાં પ્રખ્યાત 'માનસરોવર' ની રચના કરી હતી.

માનસિંહના અવસાન બાદ તેમના પુત્ર રણજીતસિંહ (ઈ.સ.૧૯૦૮-૧૯૪૮) બારિયાની ગાદીએ બેઠા. તેઓ પણ પિતાની જેમ પ્રગતિશીલ નીતિને વરેલા હતા. તેમણે શાળાઓની સંખ્યામાં વધારો કર્યો. તેમણે ઢોરો માટેની હોસ્પિટલ બાંધીને પશુપાલનને ઉત્તેજન આપ્યું. તેમણે છોકરાઓ માટે મેટ્રિક સુધીની હાઈસ્કૂલ સ્થાપી, ગ્રંથાલયો તથા જીમખાનાં સ્થાપ્યાં. તેમણે બંધાવેલો ટાવર આજે પણ મશહૂર છે. તેમનું મૃત્યુ ઈ.સ.૧૯૪૮માં થયું અને તે જ વર્ષે જોગાનુજોગ તેમનું રાજ્ય ભારતીય સંઘ સાથે જોડાઈ ગયું. સ્વાતંત્ર્યોત્તર યુગમાં બારિયા નરેશ જયદીપસિંહે ગુજરાતના રાજકારણ અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓમાં ધ્યાનાર્હ ભાગ ભજવ્યો હતો.

તે જ રીતે વાત કરીએ છોટાઉદેપુર રાજ્યની વાત કરીએ તો અગાઉ ચર્ચા કરી તે મુજબ છોટાઉદેપુર અને બારિયા રાજ્યોનાં અસલી મૂળિયાં નાંખનાર તેમના એકસમાન વડવા પતાઈ રાવળ હતા, પણ ઔપચારિક રીતે છોટાઉદેપુર રાજ્યની ઈ.સ.૧૭૪૩માં સ્થાપના કરનાર પતાઈ રાવળના વંશજ ઉદયસિંહ હતા.[૪] દેવગઢબારિયાની જેમ છોટાઉદેપુર પણ નાનું રાજ્ય હતું. નવ તોપોની સલામી, રાજ્યનો વિસ્તાર ૨૩૦૫ ચો.કિમી. અને ઈ.સ.૧૯૧૧માં રાજ્યની વસતિ ૬૪,૬૨૧ હતી. રાજ્યની સરેરાશ વાર્ષિક આવક ૨.૧૫ લાખ રૂપિયા હતી.ઈ,સ,૧૯૩૧માં રાજ્યના પાટનગર છોટાઉદેપુરના ફત્તેસિંહ (ઈ.સ.૧૮૯૫-૧૯૨૩), નટવરસિંહ (ઈ.સ.૧૯૨૩-૧૯૪૬) અને વીરેન્દ્રસિંહ (ઈ.સ.૧૯૪૬-૪૮) જેવા શાસકોના શાસનકાળ દરમિયાન રાજ્યની શૈક્ષણિક પ્રવૃત્તિ સારા પ્રમાણમાં વિકસી હતી.[૫] મધ્ય ગુજરાતનાં આદિવાસી વિસ્તારોને સ્પર્શતાં દેશી રાજ્યોમાં છોટાઉદેપુર એક મહત્વનું દેશી રાજ્ય હતું તેમ કહી શકાય.

### ૩. જાંબુઘોડા - નારૂકોટ :

પ્રસ્તુત સંશોધન સાથે સૌથી વધુ નિકટનો નાતો ધરાવતું રાજ્ય એટલે નારૂકોટ. નારૂકોટમાં સૌપ્રથમ ટોકલભીલ નામનો રાજા રાજ કરતો હતો, પરંતુ ઈ.સ.૧૩૪૪ની આસપાસ મધ્યપ્રદેશથી મૂળ ધારના નિવાસી અને જાંબુઘોડાના રાજા વિક્રમસિંહજીના પૂર્વજો વસાજી અને લાખાજી રાજપીપળા થઈને નારૂકોટ આવ્યા. નારૂકોટમાં નારૂ નામના પટેલની મદદ લઈ રાજા ટોકલભીલ, તેમનાં રાણી અને બે કુંવરોને મોતને ઘાટ ઉતારી સત્તા પ્રાપ્ત કરી. નારૂના નામ પરથી એમણે રાજ્યનું નામ નારૂકોટ પાડ્યું.

નારૂકોટના નામકરણ વિશે બીજી માન્યતા એ પણ પ્રચલિત છે કે અગ્નિ ખૂણા તરફ ચાર ફલાંગ દૂર બે પર્વતમાળાઓ વચ્ચે એક નાળી હતી, જ્યાંથી પાણીનો નિકાલ કરવામાં આવતો હતો. તેના પરથી નારૂકોટ નામાભિધાન થયેલું મનાય છે. પાછળથી આ કોટ તોડી પાડવામાં આવ્યો હતો.[૬] આમ જોઈએ તો લોકવાયકાઓને ઈતિહાસ ન ગણી શકાય, પરંતુ લેખિત સ્ત્રોતોના અભાવે મૌખિક ઈતિહાસનો આધાર લઈ સ્થાનિક લોકવાયકામાં છુપાયેલો ઈતિહાસ જાણવા અથવા તેની નજીક જવા માટે આ મુજબની માન્યતાઓ ઉપયોગી માહિતીસ્ત્રોતો બની રહે છે. આવી મૌખિક ઈતિહાસમાં છુપાયેલી બાબતો માનવજીવનની સંવેદનાઓને સમજવાનો તેમજ તેને નિકટથી તપાસવાનો આધાર આપે છે.

નારૂકોટ વિશે બીજી એક મહત્વની અને ગૌરવ લઈ શકાય તે બાબત એ છે કે બ્રિટીશરો દ્વારા દેશની ભૌગોલિક કે સ્થાનિક સ્થિતિ સમજવા માટે તૈયાર કરવામાં આવતા વિવિધ ગેઝેટીયર્સમાંના બોમ્બે ગેઝેટિયરના છઠ્ઠા વોલ્યુમમાં આ નાનકડા રાજ્યને સ્થાન મળ્યું હતું. પ્રસ્તુત વોલ્યુમમાં નારૂકોટનો વિસ્તાર, વસતિ, જમીન,ખેતી, વ્યાપાર, ઈતિહાસ, વહીવટ, ન્યાય, મહેસુલ, આરોગ્ય વગેરે બાબતોની વિશદ ચર્ચા કરેલ છે. નારૂકોટ વિશેની તેમાંની નોંધના કેટલાંક અંશો આ મુજબ છે. :

"Narukot, a petty state administered by the Agent to the Governor in the Panch

Mahals, with a total area of about 143 square miles, a population, in 1872, of 6837 souls or 47.8 to the square mile, and, in the five years ending 1878, an average yearly revenue of £986 (Rs. 9860), lies in the south-east of the Panch Mahals, surrounded by the Rewa Kantha state of Chhota Udepur. The country is wild, Covered with low hills and thick forests. There is a fair supply of water chiefly from ponds and wells whose number is gradually being increased. The state has a bad name for fever. But at Jambughoda, where. the timber has been cleared, the climate has much improved. The average yearly rainfall is about thirty-seven inches."[૭] ઉલ્લેખનીય છે કે આ વિસ્તારમાં થયેલ નાયક આદિવાસીઓના ઈતિહાસ અને સંસ્કૃતિ પર પ્રસ્તુત સંશોધન હાથ ધરવામાં આવેલ છે.

**૪. ખંભાત :**

આ નામ પરથી ખંભાતના અખાતનું નામ પડ્યું. પ્રાચીન નામ સ્તંભતીર્થ, મહીનગર, ખંભાયત છે. તેના દેશી રાજ્યનો વિસ્તાર ૫૬૩ ચો.કિ.મી. હતો. દેશી રાજ્યના સ્થાપક મિરઝા જાફર નજમુદ્દૌલા (મોમીનખાન પહેલો) હતો. તેની સ્થાપના ઈ.સ. ૧૭૩૦માં થઈ હતી. તેના શાસકને નવાબ કહેવાતું. તેની વાર્ષિક આવક સાત લાખ રૂપિયા હતી. બ્રિટીશ શાસન વખતે આ રાજ્યને પ્રથમ વર્ગનો દરજ્જો મળ્યો હતો. અગિયાર તોપની સલામી મળી હતી. દેશી રાજ્યના સ્થાપક પછી તેના ઉત્તરાધિકારી નવાબોમાં મુફ્તીઆરખાન નુરુદ્દીન મહમદખાન વગેરેએ ૩૫ વર્ષ શાસન કર્યું. ત્યારપછી અનુક્રમે મહમદ કુલીખાન, ફતેહ અલીખાન, બંદે અલીખાન, જાફર અલીખાન અને ઈ.સ. ૧૯૧૫ થી હુસેનયાવર ખાન નવાબ પદે બિરાજમાન થયો. ત્યાર પછીની માહિતી ઈતિહાસમાં ઉપલબ્ધ નથી.

ખંભાત રાજ્યનો રાજકીય ઈતિહાસ જાણવો જરૂરી છે. એક સમયે ખંભાત બંદર પર દેશ-દેશાવરથી આવેલાં જહાજો લાંગરતા હતાં. આજે આ બંદર ભેંકાર બન્યું છે. ખંભાતના દેશી નવાબી વંશનો પૂર્વાર્ધ જાણવો જરૂરી ગણાશે, કારણ કે તે દરમિયાન નવાબી રાજવંશમાં માત્ર યુદ્ધો જ થયા હતા. સોલંકીઓની સત્તાકાળમાં ખંભાત વહીવટી મથક હતું. મહી નદીના મુખનો પટ સાંકડો થઈ જતાં નગરની દક્ષિણ દિશાએ ખંભાત વસ્યું. ઉત્તર ભારતના મુસ્લિમો મક્કા હજ કરવા ખંભાતથી જતાં. ખંભાતના પગરખાં વિદેશમાં પણ જતાં. આ બંદર નૌકાદળનું વડું મથક પણ હતું. સલ્તનતકાળમાં પણ ખંભાતની જાહોજલાલી ટકી હતી. પરંતુ અલાઉદ્દીન ખીલજીના સેનાપતિ નસરતખાને અહીં ચઢાઈ કરી, મૂલ્યવાન ચીજવસ્તુઓ લૂંટી લીધી. ઈ.સ. ૧૩૪૫માં ઈબ્નબતુતા નામનો પ્રખ્યાત પ્રવાસી ચીન જતાં અહીં આવ્યો હતો. તેના પ્રવાસ વર્ણનોમાં ખંભાતની ભવ્ય મસ્જિદો તથા શહેરની સુંદરતાનો નિર્દેશ કર્યો છે. એક સમયે યુરોપ અને એશિયાના દેશોમાં આખો દેશ ખંભાતના નામે ઓળખાતો હતો. એટલું બધું ખંભાતનું ઐતિહાસિક મૂલ્ય છે. મધ્યકાળમાં 'બારબોસ' નામનો યુરોપિયન મુસાફર અહીં આવ્યો હતો. તેમના કહેવા મુજબ ખંભાતના વેપારીઓ આફ્રિકામાં રહે છે અને ખંભાતથી વહાણો દ્વારા માલ મંગાવીને આફ્રિકાના વિસ્તારોમાં વેચી ધન કમાય છે. ધીમે ધીમે ખંભાતનું વહાણવટુ બંધ થયું અને ઘોઘા બંદર વિકસ્યું.

અહીના નવાબ મોમીનખાનને સર બુલંદખાનની લાગવગથી સુરત અને ખંભાતની મુત્સદ્દીગીરી તથા વડોદરા, ધોળકા, પેટલાદ અને નડિયાદનો વહીવટ મળેલો. તેના કાવાદાવા અને ચતુરાઈથી ખંભાત સ્વતંત્ર નવાબી રાજ્ય બન્યું. ઈ.સ. ૧૯૦૧માં ખંભાત રાજ્યમાં ચાંદી અને તાંબાનું ચલણ હતું. તે બંધ કરાવી બ્રિટીશ સરકારે ૧૨૯ ખંભાતી રૂપિયા બરાબર ૧૦૦ બ્રિટીશ રૂપિયા બદલી આપેલા. ઈ.સ. ૧૯૦૨ની ૨૦મી જૂનના રોજ ખંભાતના રાજવીએ બોમ્બે બરોડા એન્ડ સેન્ટ્રલ ઈન્ડિયા રેલ્વે નાખવામાં આવી. આણંદથી પેટલાદની રેલવેને જોડવામાં આવી. આજ સમયે ઈ.સ. ૧૯૦૦માં છપ્પનિયો દુકાળ પડવાથી ખંભાતની વસતિ ૧૬ ટકા ઓછી થઈ ગઈ હતી. ઈ.સ. ૧૯૪૭માં દેશને આઝાદી મળતાં ખંભાત રાજ્યનું ભારત દેશમાં વિલિનીકરણ થયું. આજે ખંભાત મધ્ય ગુજરાતનો એક ભાગ છે.

**૫. સંતરામપુર :**

સુંથ (સંત) અને રામપુર બંને પાસે પાસેના અલગ સ્થળો હતા. સુંથ પરથી સંત અને રામપુર બંને

ગામ સંયુક્ત રીતે હાલનું સંતરામપુર નામ બન્યું. દેશી રાજ્યનો વિસ્તાર ૬૩૪ ચોરસ કિ.મી. હતો. તેના આદ્ય સ્થાપક સુંથ નામનો રાજા હતો. તે જાલમસિંહ બીજાનો કુંવર હતો. તેની સ્થાપના ઈ.સ. ૧૨૫૫માં થઈ હતી. તેના વંશજો પરમાર રાજપૂત વંશ ગણાતા. તેના શાસકો રાજા કહેવાતા. આ રાજ્યની વાર્ષિક આવક એક લાખ હતી. તેઓ વર્ષમાં સિંધીયા રાજાઓને રૂ. ૭૦૦૦ અને અંગ્રેજ સરકારને પણ રૂ. ૭૦૦૦ની ખંડણી આપતા. તેની સ્થાપનાથી ઈ.સ. ૧૯૪૮ સુધીમાં ૨૯ જેટલા રાજાઓ થઈ ગયા. તેમાં રા' નવઘણનું પણ નામ છે. ઉપરાંત નાપાજી, જયસિંહ, અખેરાજ, કુંભારાણા, રતનસિંહ, કેસરીસિંહ અને બીજાઓનો સમાવેશ થાય છે. દેશને આઝાદી મળતાં રાજાશાહીના હક્કો છીનવાઈ ગયા. સુંથગામ ડુંગર પર વસેલું છે. તેની પાછળ ટેકરા પર કિલ્લો છે. તેમાં મહારાજાનો મહેલ, થોડા રજપૂતો અને તેમના હજૂરિયાઓ અને નોકરોને રહેવાનાં મકાન છે. રજવાડા વખતે રજપૂતો સિવાય અહીં કોઈ વસતિ નહોતી. અહીંથી અડધો માઈલ દૂર રામપુર આવેલું હતું. તેમાં ત્રણેક હજારની વસતિ હતી. ત્યાં પણ કચેરીઓ હતી. હવે સંત અને રામપુર એક જ સ્થળ બની ગયું. સંતરામપુરના શાસકના તાબા હેઠળ ૩૪૯ ચોરસ માઈલ જેટલી જમીન અને ૨૯૦ જેટલાં ગામડા હતા. તેમાં ઝાલોદ, ગોધરા, વાંસવાડા હતા. રજવાડાની સત્તા જતાં પછીથી રાજ્યનાં મકાનો શાળા માટે કામ લાગ્યાં. મહેલની કેટલીક કલા કોતરણી અકબંધ રહી છે. મહેલની પાછળના રસ્તેથી છેક પર્વતની ટોચ સુધી વાહન દ્વારા ફરી શકાય છે. ત્યાં એક વિશાળ હવા મહેલ પણ બંધાયો હતો. ડુંગર ઉપર શિવજીનું મંદિર પણ છે. પથ્થરના ટેબલ અને પથ્થરની ખુરશીઓ જોવા મળે છે. અહીંથી દૂર દૂર સુધી જંગલો અને હરિયાળી જોઈ શકાય છે.

આ રાજ્યએ પોતાના શાસનકાળમાં તારીખ, વર્ષ વગરના તાંબાના સિક્કાઓ બનાવ્યા હતા. તે ચલણને પૈસો કહેવાતું. સિક્કા પર નાગરી લિપિમાં લખેલું વંચાય છે. તેનું મૂલ્ય પા પૈસો, અડધો પૈસો અને એક પૈસો એમ ત્રણ પ્રકાર હતા. રામપુર રાજ્યના સિક્કાઓ પર ભાલા, કટાર, તલવાર, ફૂલવેલની ડાળી, ચામડું તથા અંકુશનો સમાવેશ થાય છે. છેલ્લા રાજા પ્રવિણસિંહનું અવસાન થતાં તેઓએ ૧૯૪૮માં આ રજવાડાનું જોડાણ ભારત સંઘ સાથે કરવાના કરાર પર હસ્તાક્ષર કરી દીધા. તેને મુંબઈ રાજ્યમાં જોડી દીધું અને ૧લી મે, ૧૯૬૦માં જોડાયું.[૮] આમ, અખંડ ભારતના નિર્માણમાં એક બહુમુલું યોગદાન આપ્યું તેમ કહી શકાય.

**૬. લુણાવાડા :**

પાટણ ખાતેનું સોલંકી રાજ્ય સમાપ્ત થતાં સોલંકી રાજવીઓ ઉત્તર ગુજરાતના કાલરીગઢ થઈ સલામત અને યોગ્ય વિસ્તારની શોધમાં વીરપુર આવીને ત્યાં વીરા બારીયા નામના શાસકને હરાવી ઈ.સ. ૧૨૨૫માં રાજ્ય સ્થાપ્યું, અહીં પણ સતત ગુજરાતના સુલ્તાનોના લશ્કરી આક્રમણથી ત્રાસીને મહી નદી કિનારે દધિચી પટ્ટન -ડિઘ્ધા પટ્ટનમાં રાજધાની ફેરવી.

મહી નદીના પુરના કારણે સોલંકી રાજવી ભીમસિંહજીને લુણાવાડા ખાતેના નાથ સાધુ મહંત લૂણનાથજીનો આદેશ મળતા ઈ.સ. ૧૪૩૪માં તેમણે હાલના કાલિકા માતાના ડુંગરની તળેટીમાં પોતાનો મહેલ અને કુળદેવી ભુવનેશ્વરી માતાજીની સ્થાપના કરીને નવું રાજ્ય વસાવ્યું. જેનું નામ લુણનાથજીના નામ ઉપરથી અને અહીંના પ્રદેશના લાવણ્ય થકી લાવણ્યપુરી અથવા લવણપુરી રાખ્યું, જે કાળક્રમે લુણાવાડા નામથી ઓળખાય છે. અહીના પ્રજાપાલક રાજવીઓ ઘણા બધા પ્રજા ઉપયોગી બાંધકામ અને કાર્યો કર્યા છે. દર વર્ષે લુણાવાડાનો જન્મદિન ધામધૂમથી ઉજવાય છે. દર વર્ષે લુણેશ્વર દાદાની પૂજાથી આરંભયેલા કાર્યક્રમની સાથે લાલસિંહજી લાઈબ્રેરીમાં લુણાવાડાની ઐતિહાસિક યાદો અને સિક્કાઓનું પ્રદર્શન પણ હયાત છે.[૯] ઈતિહાસની બાબતોને જાણવા અને સમજવા વર્તમાન કેટલું ઉપકારક છે તેનું આ શ્રેષ્ઠ ઉદાહરણ કહી શકાય.

**ઉપસંહાર :**

ભારતના ઈતિહાસમાં દેશી રજવાડાંનો એક વૈભવશાળી ઈતિહાસ રહ્યો છે તેમ ઉપરોક્ત ચર્ચા પરથી કહી શકાય. આમ તો મધ્ય ગુજરાતમાં મહત્તમ આદિવાસી વિસ્તારો પણ આવી જાય છે. આવા વિસ્તારોમાં આદિવાસીઓ અને તેના સંલગ્ન દેશી રાજ્યોનો એક વિશિષ્ટ ઈતિહાસ પણ રચાયો છે, જેનો એક સ્વતંત્ર અભ્યાસ પણ થઈ શકે તેમ છે. બીજું એ કે, મધ્ય ગુજરાતમાં વડોદરા જેવું ગૌરવશાળી રાજ્ય પણ મળ્યું છે તે એક ગર્વની બાબત કહેવાય. નાનાં

દેશી રાજ્યોએ પણ પોતાનું આગવું પ્રદાન કર્યું છે. આ દેશી રાજ્યોની આગવી સંસ્કૃતિ પણ રહી છે તેમજ પ્રજાકલ્યાણકારી કાર્યો તેમજ પ્રજા સાથેના સંઘર્ષો પણ રહ્યા છે. કોઈ પણ દેશી રાજ્ય આપણા દેશ માટે એટલા માટે મહત્વનું છે કેમ કે ભારતની વર્તમાન એકતા અને અખંડિતતામાં તેનો બહુમૂલો ફાળો રહ્યો છે.

**પાદનોંધ :**

૧. મંજુલાબહેન બી. દવે-લેન્ગ, ગુજરાતની આર્થિક અને પ્રાદેશિક ભૂગોળ, યુનિવર્સીટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ, ચૌદમી આવૃત્તિ, ૨૦૨૧, પૃ.૧૨

૨. સમીર પંચાલ, વડોદરા રાજ્યના ચલણી સિક્કાઓ અને રાજકીય ઈતિહાસ, સમીર પંચાલ પ્રકાશન, અમરાઈવાડી, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ, ૨૦૧૨, પૃ.૨૮

૩. એજન, પૃ.૪૯-૫૦

૪. મકરંદ મહેતા, ગુજરાતનો રજવાડી વારસો, ગુજરાત રાજ્ય અભિલેખાગાર, ગાંધીનગર, પ્રથમ આવૃત્તિ, ૨૦૧૨, પૃ.૨૪૨

૫. એજન, પૃ.૨૪૨-૨૪૩

૬. બીના રાઠવા, પંચમહાલનું નારૂકોટ, વિ-વિદ્યાનગર, નવેમ્બર-૨૦૧૫, પૃ.૨૨

૭. Gazetteer of the Bombay Presidency, Volume VI, Rewa kantha, Narukot, Cambay and Surat States, Government Central Press, Bombay, 1880, P.173

૮. સમીર પંચાલ, છોટાઉદેપુર, લુણાવાડા અને સુંથ-રામપુર રાજ્યના ચલણી સિક્કાઓ અને રાજકીય ઈતિહાસ, સમીર પંચાલ પ્રકાશન, અમરાઈવાડી, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ, ૨૦૧૨, પૃ.૬૧

૯. પ્રસ્તુત માહિતી પ્રો. જે.પી. ચૌધરી, અધ્યક્ષ, ઈતિહાસ વિભાગ, શ્રી પી.એન. પંડ્યા આર્ટ્સ, એમ.પી.પંડ્યા સાયન્સ એન્ડ શ્રીમતી ઈ.પી.પંડ્યા કોમર્સ કોલેજ, લુણાવાડા, પાસેથી તા.૨૨/૦૫/૨૦૨૧, સમય : સાંજે-૭-૦૦ કલાકે કોરોના મહામારીને કારણે ટેલીફોનીક માધ્યમથી લીધેલ છે.